ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

# ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી
## ગાંધીનગર

ફરિયાદી:- હોઝેફા મુઝફા લોખંડવાલા

સામાવાળા :- એસએનએ ઇન્ફ્રા પ્રોજેક્ટ પ્રા.લી., અમદાવાદ.

પ્રોજેક્ટ : અલ-અર્ષ-ઈટરનલ હોમ્સ

ફરિયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : ફરિયાદીના પત્ની, જૈનાબ વોરા

સામાવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : પ્રમોટર શ્રી આસિત પુંઠાવાલા

(કોરમ : શ્રી પી.જે. પટેલ, મેમ્બર-૧ અને ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર-૨)

ફરીયાદનં :- CMP/AHMEDABAD/180816/000119

## હુકમ

તા.૧૦/૦૧/૨૦૧૯

૧. ફરિયાદીના જણાવ્યા મુજબ ફરિયાદની મૂળ હકીકત એવી છે કે ફરિયાદી દ્વારા સામાવાળા SNA INFRA PROJECTS PVT LTD. ના પ્રોજેક્ટ Al- Arsh Eternal Homes માં ફ્લેટ નં. ૧૦૩ ખરીદેલ છે. જેનો દસ્તાવેજ તા. ૨૧/૦૬/૨૦૧૭ નારોજ કરેલ છે પરંતું ફરિયાદીને કમ્પલિશન સર્ટિફિકેટ, બિલ્ડીંગ યુઝ સર્ટિફિકેટ, ટેક્સ ચૂકવવાની રિસિપ્ટ, બિલ્ડિંગ પ્લાન, રજાચિઠ્ઠી જેવાં લીગલ ડોક્યુમેન્ટ આપવામાં આવ્યા નથી તેમજ ફરિયાદી દ્વારા એવી માંગ છે કે બધા લીગલ ડોક્યુમેન્ટ તેમના નામ પર કરાવવામાં આવે.

૨. આથી, રેરા ઓથોરિટી સામાવાળાને સૂચના આપવામાં આપેલ જે અનુસંધાને ફરિયાદી તેમજ સામાવાળાને તા. ૦૩/૦૧/૨૦૧૯ નારોજ રેરા ઓથોરિટી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ અને તે દરમ્યાન ફરિયાદીએ જણાવેલ કે ડોક્યુમેન્ટ જેવા કે લાઇટબીલ, ગેસબીલ, તેઓના નામે થઇ ગયેલ છે.

## <u>હુકમ</u>

સામાવાળા દ્વારા રેરા ઓથોરીટી સમક્ષ રૂબરૂ જણાવવામાં આવેલ રેરા રજીસ્ટ્રેશનની કાર્યવાહી અને રજીસ્ટ્રેશન થયા બાદ બી.યુ. પરમિશન મેળવીને શક્ય તેટલી ઝડપથી રેરા ઓથોરીટીમાં રજુ કરશે અને સાથોસાથ ફરિયાદીને તાત્કાલિક આપવા તથા તેની જાણ રેરા ઓથોરિટીમાં લેખિતમાં કરવા હુકમ કરવામાં આવે છે.

ફરિયાદીની ફરિયાદોનો નિરાકરણ થઇ ગયેલ હોય, ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

૧૦/૧/૧૯.
મેમ્બર-૧

મેમ્બર-૨
૧૦/૧/૧૯